હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આ સારું કર્યું... છોકરાને ગૌરીવ્રત ચાલુ કરાવી દીધું... બેટા ભક્તિ ભાવથી પૂજન કરજે તો જ ભવિષ્યમાં તને સારી કે ખોટી કન્યા પામીશ..

પ્લોટ નં. ૩૩૪/૨, સેકટર-૫-એ માં રહેતા રહીશના ઘરની પાસે વારે વારે ગટર ઉભરાતા તેમના દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવાતા નથી.

અડાલજ વિસ્તારમાંથી થયેલી બે લૂંટનો આરોપી ઉવારસદ પાસેથી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૫

અમદાવાદ-મહેસાણા હાઈ-વે પર અડાલજ ટોલટેક્ષ પાસે રાત્રીના સમયે થયેલી બે લુંટના આરોપીને ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. આરોપીએ એક લુંટમાં છરી બતાવી લુંટ ચલાવી હતી તો બીજી તરફ એકલા જતા બાઈક ચાલક સાથે સામાન્ય બાબતે ઝઘડો કરી લુંટ કરી હતી. આ લુંટના આરોપીને ઉવારસદ ડેન્ટલ કોલેજ પાસેથી એલસીબી પોલીસની ટીમે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ નીરજ પટેલની ટીમના એએસઆઈ હજારી સિંહ અને હે.કો. ભવાનસિંહને બાતમી મળી હતી કે અડાલજ ટોલટેક્ષ પાસેની લુંટનો આરોપી પસાર થવાનો છે. જેને પગલે પોલીસે ઉવારસદ ડેન્ટલ કોલેજ પાસેથી મહેન્દ્ર ઉર્ફે મહીન ડોન બાબુભાઈ સેનમા (રહે. સુણાસણ, કડી, જી. મહેસાણા)ને પકડી પાડ્યો હતો. તાજેતરમાં આરોપીએ અડાલજ ટોલટેક્ષ પાસે બાઈક ચાલકને રોકીને છરી બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી મોબાઈલ ફોન અને સોનાની વીંટીની લુંટ ચલાવી હતી. તો બીજા બનાવમાં બે માસ અગાઉ બાઈક ચાલક સાથે સામાન્ય બાબતે ઝઘડો કરી મોબાઈલ ફોન અને આંગળીમાં પહેરેલી વીંટીની લુંટ ચલાવી હતી. લુંટમાંથી મળેલો મોબાઈલ એક તેના મિત્રને આપ્યો હતો અને એક મોબાઈલ સહિત અન્ય મુદ્દામાલ તેની પાસે હતો. પોલીસે રૂ.૨૨,૪૮૩ કિંમતની બે વીંટી અને રૂ.૫ હજારનો મોબાઈલ ફોન જપ્ત કરી આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ આ આરોપી મહેન્દ્ર સેકટર-૭ વિસ્તારમાં લુંટ અને ચિલોડા વિસ્તારમાંથી ચેઈન સ્નેચીંગના ગુનામાં પકડાયો હતો.

છત્રાલ અને દહેગામમાં ૧૬ અને ૧૯ જુલાઈના રોજ રોજગાર / એપ્રેન્ટસી ભરતી મેળો

ગાંધીનગર, તા. ૧૫

જીલ્લાના રોજગારવાંછુ યુવાધનને ઉત્તમ રોજગારી પ્રાપ્ત થાય અને સ્વનિર્ભર બને તેવા આશયથી જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા વિવિધ એકમો અને ખાનગી કંપનીઓમાં વિવિધ પોષ્ટ માટે સીધી જગ્યાઓ ભરવા માટેનો એપ્રેન્ટીસ અને રોજગાર ભરતીમેળો નીચે દર્શાવેલ સ્થળે અને તારીખે રાખવામાં આવેલ છે. ધોરણ ૧૦ પાસ, ૧૨ પાસ/નાપાસ, આઈ.ટી.આઈ. (તમામ ટ્રેડ), ડીપ્લોમાં, ગ્રેજયુએટ થયેલા ઉમેદવારો તેમજ કોમ્પ્યુટર ઓપરેટર માટે કોમ્પ્યુટરના જાણકાર જેમ કે કોપા, બી.કોમ., બી.સી.એ., ઉમેદવારો ભાગ લઈ શકશે. વધુ માહિતી માટે જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરનો સંપર્ક કરવા ઈચ્છુક ઉમેદવારોને તેઓના બાયોડેટા, પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે તા.૧૬-૦૭-૨૦૧૯ સવારે ૧૦:૩૦ કલાકે હીરાબાગ હોલ, ઝવેરીવાડ પાસે, શ્રી છત્રેસ્વર મહાદેવ મંદિર, છત્રાલ,મહેસાણા હાઈ વે-અમદાવાદ હાઈસ્કુલ સામે અને તા.૧૯-૭-૨૦૧૯ સવારે ૧૦:૩૦ કલાકે મહાસુખલાલની વાડી, ભારત પેટ્રોલ પંપ સામે, દહેગામ જી. ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહેવા જીલ્લા રોજગાર વિનિમય કચેરીએ જણાવ્યું છે.

આર્યુવેદ કોલેજમાં સુશ્રુત જયંતિની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

આજ રોજ સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજ તથા સંલગ્ન હોસ્પિટલમાં આયુર્વેદના મહાન આચાર્ય સુશ્રુત કે જેઓ આધુનિક શલ્યશાસ્ત્ર તથા પ્લાસ્ટિક સર્જરીના જનક છે તેમની જન્મજયંતિ નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શારીરે સુશ્રુત શ્રેષ્ઠ વિષય પર વિદ્યાર્થીઓ દ્વારા આચાર્ય સુશ્રુત અને સુશ્રુત સંહિતા વિષે વક્તવ્ય આપવામાં આવ્યું તથા સુશ્રુત સંહિતાના શ્લોકોનું પઠન કરવામાં આવ્યું. જેમાં કોલેજના આચાર્ય તથા મદદનિશ નિયામક આયુર્વેદ શિક્ષણ ડૉ. પારૂલબેન જોષી, ઈ.મદદનિશ નિયામક તાલીમ ડૉ. ફાલ્ગુન પટેલ તથા અધ્યાપક ગણ, હોસ્પિટલના તબીબી અધિકારીઓ અને વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

વિદ્યા લાયબ્રેરીના ૩૦મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ત્રેવીસમાં ભવ્ય-પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષમાં એકવાર યોજાતા આ પુસ્તક મેળામાં ધો-૧થી ૧૨ના પુસ્તકો, ગાઈડો, અપેક્ષિતો તેમજ પરીક્ષાલક્ષી સાહિત્ય ફકત ૧૦ રૂપિયા પ્રતિ નંગ આપવામાં આવ્યું હતું. સાથે કોલેજના પુસ્તકો ૨૦ અને ૩૦ રૂપિયામાં ધાર્મિક અને સ્પર્ધાત્મક પરીક્ષાનું સાહિત્ય અડધી કિંમતે આપવામાં આવ્યું હતું. આ પુસ્તકમેળામાં કુલ ૧૫૦૦૦થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો.

તમામ જવાબદાર સામે કડક પગલા માટે રૂપાણીનુ સૂચન

કાંકરિયાના બાલવાટિકામાં મેન્ટેનન્સની બેદરકારીના કારણે ગઈકાલે સર્જાયેલી ગમખ્વાર રાઈડ દુર્ઘટનામાં આખરે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રકરણમાં સંડોવાયેલા જવાબદારો સામે કડક કાર્યવાહીના નિર્દેશો આપ્યા છે. જેને પગલે રાજયભરમાં પણ હવે ઘેરા પ્રત્યાઘાત પડયા છે. બીજીબાજુ, આજે મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ આ સમગ્ર મામલે એક ડિટેઈલ્ડ રિપોર્ટ રાજયના શહેરી વિકાસ વિભાગને સુપ્રત કર્યો હતો. ગઈકાલે કાંકરિયા એમ્યુઝમેન્ટ પાર્ક ડિસ્કવરી નામની રાઈડ તુટી પડતાં બે લોકોના મોત નીપજયા હતા, જયારે ૨૯ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. રાઈડની દુર્ઘટના ટેકનીકલ ખામીને પગલે સર્જાઈ હોવાનું પ્રાથમિક રીતે મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું. આ પ્રકારની દુર્ઘટના ફરીથી ન સર્જાય તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સતર્કતા અને ચકાસણી કર્યા બાદ મંજૂરી આપવાની સૂચના આપી છે. ખાસ કરીને આ દુર્ઘટના પાછળ જવાબદારો સામે કડકમાં કડક કાર્યવાહી કરવા ખાસ તાકીદ કરાઈ છે. ભવિષ્યમાં ઘટનાઓ ઘટે નહિ તેની સૂચના આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં અનેક સ્થળોએ એમ્યુઝમેન્ટ-એન્ટરટેઈનમેન્ટ પાર્કમાં આવી રાઈડસ ચાલતી હોય છે.

માણસા ખાતે વરૂણદેવને રીઝવી વરસાદ આવે તે માટે યજ્ઞ યોજાયો

ક્ષત્રિય રાજપૂત વડીલો તથા યુવાનો દ્વારા મોજ અંબોડ, આનંદપુરા તા. માણસા બેનામામા મંદિર ખાતે વરૂણદેવને રીઝવવા માટે યજ્ઞ કરવામાં આવ્યો હતો. ગામના રહેવાસીઓ દ્વારા યજ્ઞમાં આહુતિ આપી વરસાદ ઝડપી અને સારા પ્રમાણમાં આવે તેમજ લોકોની સુખાકારી જળવાય તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી તથા ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં માણસા મંદિરના મહંત નંદસ્વામિ તથા ચંદ્રપ્રકાશસ્વામિ હાજર રહ્યા હતા.

રાજ્યપાલશ્રી શુભેચ્છા મુલાકાત લેતુ ગાંધીનગર વસાહત મહામંડળ

શ્રી અરૂણ બુચ, મયૂર વ્યાસ, શશીકાંત મોઢા, ફુલશંકર શાસ્ત્રીજી, બી.એ. શુકલ, પ્રદિપભાઈ સોલંકી, ડૉ. ચેતના બુચ, સુધીર દેસાઈ તેમજ અન્ય સભ્યોએ ઉપસ્થિત રહી નામદાર રાજયપાલશ્રીનું સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

આજે ગુરૂપૂર્ણિમાના પાવન પર્વે શહેરના ગુરૂજનો શુભકામના પાઠવે છે

આજે ગુરૂપૂર્ણિમા-ગુરૂપૂજન ગુરૂ વંદના માટેનો શ્રેષ્ઠ દિવસ. કોઈપણ વ્યક્તિના જીવનમાં ગુરૂનું સ્થાન સૌથી વિશિષ્ટ હોય છે. જીવનપથને જ્યોતિમય બનાવવા ગુરૂનું પથદર્શન કે માર્ગદર્શન પ્રત્યેક વ્યક્તિ માટે અનિવાર્ય છે. તણાવ અને ભૌતિકવાદથી ખદબદતી આજની જીવનશૈલીના લીધે માનવ જીવનને ગુરૂના સંગાથથી નવી રાહ મળે છે. જીવનને અંધકારમાંથી ઉજાસ તરફ લઈ જતા ગુરૂની વંદના કરવા ભાવિકોમાં ગુરૂપૂર્ણિમાના દિવસે વિશેષ શ્રદ્ધા અને ભક્તિના દર્શન થાય છે. આજના પવિત્ર દિવસે નગરના વિવિધ ધર્મસ્થાનમાં ગુરૂપૂજન અને ગુરૂવંદના ઉપરાંત વૈવિધ્યસભર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવે છે. શાંતિ, પ્રેમ અને ભાઈચારાના સદ્‌ગુણ સાથે સમાજ જીવનને તંદુરસ્ત બનાવવા નગરના ધર્મગુરૂઓએ ભાવિકોને વિશેષ સંદેશ પાઠવ્યો છે.

જે અંધકારમાં ફસાયેલ જીવોને મુક્ત કરી નાંખે તે ગુરૂ

ગુરૂના વિષયમાં એક શ્લોક છે. ''અજ્ઞાન તિમિરાંધસ્ય જ્ઞાનાંજના શલાકયા'' ચક્ષુઃ ઉમિલિતમયેન તસ્મૈ શ્રી ગુરૂવૈનમઃ

ગુરૂનો અર્થ છે જે અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય આપણા પ્રાચીન દર્શનોના અંદર કહેવામાં આવ્યું છે જે વિદ્યા આપણને મુક્ત કરી નાંખે. આ વિદ્યાતિ આપનાર એવા અંધકારમાં ફસાયેલા જીવોને જ્ઞાનાંજન આંજીને મુક્ત કરી નાંખે.

- પરમ પૂજ્ય મહંત રામસ્વરૂપપૂરીજી મહારાજ, મહંત ધોળેશ્વર મહાદેવ

●●●

હરિયાળા પાટનગરને વિશ્વફલક પર સુવાસિત કરવા સંકલ્પબદ્ધ થઈએ

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર પરિવાર તરફથી સૌ આત્મિયજનોને ગુરૂપૂર્ણિમાની ખૂબ ખૂબ વધાઈ હો... આજના ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિવસે, ચાલો આપણે સૌ સદગુરૂ પરમપિતા શિવ પરમાત્માની છત્રછાયામાં તન, મન અને ધનથી પવિત્ર બનીએ. ગુજરાતનું પાટનગર જે સ્વચ્છ, હરિયાળુ, સોહામણુ છે તેને વિશ્વફલક પર વધુ સુવાસિત કરવા સંકલ્પબદ્ધ થઈએ. આપણું આંગણું, શેરી, મહોલ્લો, સેક્ટર અને મહાનગર ગાંધીનગરને પૂર્ણ સ્વચ્છતમ બનાવીએ. આજના આ પાવન પર્વ પર આપણે સૌ સદગુરૂ પરમાત્માના આશીર્વાદથી ગાંધીનગરમાં સદભાવ, આપસી પ્રેમભાવી, આનંદ, ઉમંગ, ઉલ્લાસ અને આધ્યાત્મિક વાતાવરણમાં વૃદ્ધિ કરીએ. પરમાત્માને હું પ્રાર્થના કરૂ છું કે સૃષ્ટિ પરના સૌ આત્મિય ભાઈ-બહેનો તનથી, મનથી અને ધનથી સમૃદ્ધ બને અને સૌ આત્માઓના શ્રેષ્ઠ સંકલ્પ પરમાત્મા પૂર્ણ કરશે જ એવી માંગલ કામના સાથે ઈચ્છા.. ઓમશાંતિ.

- રાજયોગિની બ્રહ્માકુમારી કૈલાસ દીદીજી, સંચાલિકા, બ્રહ્માકુમારી

●●●

ગુરૂનુ કાર્ય અજ્ઞાનમાંથી જગાડવાનુ છે

ગુરૂપૂર્ણિમા એ હિન્દુ ધર્મ અને સંસ્કૃતિની પરંપરાનો પર્વ છે. જીવનમાં ત્રણ વ્યક્તિનું મહત્વ વિશેષ છે, માતા, પિતા અને ગુરૂ. માતા-પિતા શરીરને પોષણ આપે છે, જ્યારે ગુરૂ આત્માને પોષણ આપે છે. ગુરૂ અને ઘડિયાળ બંનેનું કામ જગાડવાનું છે. ઘડિયાળનું કાર્ય ઊંઘમાંથી જગાડવાનું છે અને ગુરૂનું કાર્ય અજ્ઞાનમાંથી જગાડવાનું છે. સમાજમાં પ્રવર્તી રહેલ અજ્ઞાન અંધકાર દૂર થાય, જ્ઞાન જ્યોતના પ્રકાશથી વહેમ, વેરઝેર, કુસંપ દૂર થાય અને સંપ, સદ્‌ભાવ અને સુખની અભિવૃદ્ધિ થાય તેવી ગુરૂ પૂર્ણિમાના પવિત્ર પર્વે પ્રભુને પ્રાર્થના.

- શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજી, સ્વામિનારાયણ મંદિર, સે. ૨૩

●●●

જ્ઞાનપ્રકાશની પ્રાપ્તિ થવી એ ઈશ્વરના બહુ મૂલ્યવાન આશીર્વાદ છે

જીવનમાં જ્ઞાનપ્રકાશની પ્રાપ્તિ થવી એ ઈશ્વરના બહુ મૂલ્યવાન આશીર્વાદ છે. પરંતુ એથીય મહાન વરદાન છે, જ્ઞાન પ્રકાશ પાથરનાર પરમ જ્યોતિર્ધર સદ્‌ગુરૂની પ્રાપ્તી થવી. વ્યાસપૂર્ણિમાના પરમ મંગલમય દિને સમસ્ત ગુરૂપરંપરા પ્રતિ અહોભાવ પ્રગટ કરીએ. આપનું જીવન પરમ પ્રકાશમય, પ્રસન્ન અને પૂર્ણતા તરફ પ્રગતિ કરે તેવી શુભેચ્છા.

- પૂજ્ય ગુરૂમા, સમદર્શન આશ્રમ

ગાંધીનગર ખાતે રાજ્ય ચેરિટેબલ હોસ્પિટલ ફેડરેશનની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર ઉમિયા સંસ્થાનના મીટીંગહોલમાં ગુજરાત રાજ્ય ચેરિટેબલ હોસ્પિટલ ફેડરેશનની વાર્ષિક સાધારણ સભામાં ગુજરાતના જુદા જુદા જિલ્લામાંથી ૪૦ સંસ્થાઓના ૧૬૦ પ્રતિનિધિઓની સભા સાબરમતીના ધારાસભ્ય અને સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને અને વાડીભાઈ પટેલ (સરદવ)ની નિશ્રામાં દિપ પ્રગટાવી શુભારંભ કાર્યક્રમ યોજાયો હતો.

સંસ્થાના માનદ મંત્રી રામચંદ્રભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરતાં આરોગ્ય સંસ્થાના કાર્યકર્તાઓ આવકારતાં આનંદ સાથે જણાવ્યું કે ગામડાંઓમાં ધૂણી ધપાવી બેઠેલા સાધકો છે. આપની સેવાકીય પ્રવૃતિથી ગુજરાતનું આરોગ્યક્ષેત્રે દેશભરમાં નામના રોશન કરી છે. અગ્રેસર રહી દેશને પ્રેરણારૂપ બન્યા છે. સરકાર સાથે સમન્વય સાધી સહકાર આપી છેવાડાના અંન્ત્યોદય માટે સરકારે શરૂ કરેલી વિવિધ આરોગ્યલક્ષી યોજાનાઓ લાભાર્થીઓ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ છે.

આયુષ્યમાન ભારત અને મુખ્યમંત્રી મા અમૃતમ તથા મા વાસ્તલ્ય યોજના અને બાળકો અને માતાઓ પોષણ આહાર યોજનાઓ આપણી સંસ્થા સુપેરે ચલાવી ૫૦ લાખ જેટલા જરૂરિયાતમંદ લાભાર્થીઓને આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડી છે.

સભ્યોએ સંસ્થાના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ સત્વરે આપવા, સ્ત્રી રોગોના કોથળીના ઓપરેશનો માટે ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓને માટે આયુષ્યમાન ભારત અને મા અમૃતમ યોજના માટે પુનઃ વિચારણા કરવા વિનંતી કરી છે. સરકારના રચનાત્મક અભિગમ પ્રત્યે અરવિંદભાઈ પટેલ તથા વાડીભાઈ પટેલે પ્રશ્નોની વિશદ છણાવટ કરી હતી. સભામાં શોભનાબેન શાહે આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રધાનમંત્રીએ અપીલ કરેલી જળસંચય યોજના, પર્યાવરણ બચાવવા માટે વૃક્ષારોપણ કાર્યક્રમ, સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ગામડાં અને સ્વચ્છતા અભિયાનમાં સંસ્થાઓએ પોતાના ખર્ચે યોજનાબદ્ધ રીતે સફળ કામગીરી કરવાનો સંકલ્પ સંસ્થાઓએ વ્યક્ત કર્યો હતો. આ પ્રવૃતિને વધુ વેગવાન બનાવવા સરકારશ્રીને તમામ સહયોગ આપવા કટીબદ્ધતા વ્યક્ત કરી હતી.

નિસર્ગ ખાતેની "ટ્રી સમિટ ફોલોઅપ મિટીંગ"માં રાજ્યભરમાંથી પર્યાવરણપ્રેમીઓએ ભાગ લીધો

ગુજરાતને ફરી એકવાર હરિયાળુ બનાવવા અને પર્યાવરણીય અસમતુલાને વૃક્ષારોપણ દ્વારા ઘનિષ્ઠ વનીકરણ કરીને સ્થિર કરવાના હેતુથી કલોલની ગ્રીન પ્લેનેટ ઈન્ટરનેશનલ સંસ્થા દ્વારા થોડા દિવસ પૂર્વે "સ્ટ્રી સમિટ"નું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ ટ્રી સમિટના સંદર્ભે ગઈકાલે રવિવારે સવારે ગાંધીનગરના સેક્ટર-૨૩માં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે ફોલોઅપ મિટીંગ યોજાઈ ગઈ જેમાં રાજ્યભરમાંથી અંદાજે ૭૦ જેટલા પર્યાવરણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતા અને તેમની કામગીરી અંગે માહિતી આપી હતી.

નિસર્ગ સાયન્સ સેન્ટરના આંગણે યોજાયેલ ટ્રી સમિટ ફોલોઅપ મિટીંગમાં ઔષધિય વનસ્પતિ નિગમના સીઈઓ ડૉ. જગદીશ પ્રસાદ, નેહરૂ યુવા કેન્દ્રના કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથાર, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ, સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ, પર્યાવરણપ્રેમી તથા રંગમંચકર્મી નમ્રતા ભાવસાર અને વનશ્રી ટ્રસ્ટના અંજના નિમાવત અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રીન પ્લેનેટ ઈન્ટરનેશનલ દ્વારા અગાઉ થોડા સમય પૂર્વે એસજી હાઈવે નજીક ટ્રી સમિટ યોજવામાં આવી હતી જેમાં ૩૦૦ જેટલા પર્યાવરણપ્રેમીઓ જોડાયા હતા. ગઈકાલે નિસર્ગ ખાતે ટ્રી સમિટની ફોલોઓપ મિટીંગ યોજાઈ હતી જેમાં ઉપસ્થિત પર્યાવરણપ્રેમીઓએ તેમને ટ્રી સમિટમાં મળેલા લક્ષ્યાંકો અંગે કરેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ સાથે 'ટ્રી એમ્બેસેડર' નિયુક્તિની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી.

ટ્રી સમિટ-૨૦૧૯ ફોલોઅપ મિટીંગમાં રાજ્યમાં વૃક્ષારોપણ સાથે ઘનિષ્ઠ વનીકરણ યોજના પાર પાડવા એક કાર્યકારી સ્ટીઅરીંગ કમિટીની રચના કામ ચલાઉ ધોરણે કરવામાં આવી હતી. આ કમિટીમાં ડાયરેક્ટર પદે સવજીભાઈ ધોળકીયા, ડેપ્યુટી ડાયરેક્ટર પદે અહેમદ પઠાણ, ચેરમેન પદે ડૉ. અનિલ પટેલ, પ્રમુખપદે મનુભાઈ પટેલ સહિતના વિવિધ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. ફોલોઅપ મિટીંગમાં પર્યાવરણપ્રેમીઓને તેમના લક્ષ્યાંકો પાર પાડવા માર્ગદર્શન અપાયું હતું. કાર્યક્રમનું સંચાલન નિસર્ગ સાયન્સ સેન્ટરના કોઓર્ડીનેટર હાર્દિક મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું તથા કાર્યક્રમના આયોજન માટે કો-ઓર્ડિનેટર શિવાંગ પટેલ સહિતના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં ગ્રીન પ્લેનેટના પ્રમુખ અહેમદ પઠાણ સહિત તેમની ટીમે ઉપસ્થિત રહી જરૂરી કામગીરી સંભાળી હતી.